ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ માગશર વદ ચૌદસ, ગુરુવાર ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૪૭

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

અમદાવાદની 12 શાળાને બોમ્બથી ઉડાવવાની ધમકી

ધમકીને પગલે બાળકોને રજા આપી દેવામાં આવી, સમગ્ર શહેરમાં ચક્ચાર

પોલીસે કરેલી શોધ તપાસમાં કંઈપણ શંકાસ્પદ ન મળતા અફવા સાબિત થઇ

અમદાવાદ, તા. 17 : અમદાવાદ -ગાંધીનગર શહેરની જુદી જુદી 12 જેટલી જાણીતી શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર શહેરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે શોધ તપાસમાં કંઈ પણ શંકાસ્પદ ન મળતા આ ધમકી ખોટી સાબિત થઈ હતી.

શાળાઓમાં બોમ્બ મૂકવામાં આવ્યો છે તેવો ઈમેલ મળતા જ શાળાના બાળકોને રજા આપી સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં વાલી અને વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ ઊભો થયો હતો. સુરક્ષા એજન્સીઓની તપાસ બાદ કોઈ પણ વાંધાજનક વસ્તુ મળી ન હતી.

અમદાવાદ શહેરમાં ગુરુકુળ વિસ્તારમાં આવેલી મહારાજા અગ્રસેન, વસ્ત્રાપુરની નિર્માણ સ્કૂલ, વેજલપુરની ઝાયડસ સ્કૂલ, અડાલજની ડિવાઈન ઈન ચાઈલ્ડ સ્કૂલ, ઉપરાંત અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઉદગમ સ્કૂલ, ડીપીએસ, ડીએવી ઈન્ટરનેશનલ સ્કૂલ, આવિષ્કાર સ્કુલ કલોલ, જેમ્સ એન્ડ જેનીસીસ ખોરજ-ખોડિયારની શાળાઓમાં શંકાસ્પદ ઈમેલ મળ્યો હતો, જેમાં આ શાળાઓમાં બોમ્બ વિસ્ફોટ કરવાની ધમકી આપવામાં આવી હતી.

આ ઈમેલ અંગે શાળા સંચાલકોએ પોલીસને જાણ કરતા પોલીસ સહિત સુરક્ષા એન્જસીની ટીમ તાત્કાલિક શાળાઓ ઉપર પહોંચી બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ, ફાયર બ્રિગેડ સહિત નહીં તમામ એજન્સીઓએ શાળામાંથી વિદ્યાર્થીઓને બહાર કાઢીને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. આ ઉપરાંત શાળાની 50 મીટર આસપાસનો વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. જેના પગલે આસપાસના વિસ્તારોમાં લોકોમાં કુતુહલ સાથે ભયની લાગણી ફેલાઈ હતી.

શાળાઓમાં બોમ્બ મુકાયો હોવાની અફવા સમગ્ર શહેરમાં વાયુવેગે ફેલાતા અન્ય શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને પણ લેવા માટે વાલીઓ શાળાએ પહોંચી ગયા હતા. સમગ્ર શહેરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વાલીઓ પોતાના બાળકોને લેવા માટે શાળા ઉપર દોડી ગયા હતા. સુરક્ષા એજન્સીઓની તમામ તપાસના અંતે એકપણ શાળામાંથી કોઈપણ વાધાજનક ચીજવસ્તુ મળી ન હતી.

ચાંદીનો ભાવ બે લાખને પાર, સોનામાં પણ તેજી

હાજર ચાદીના ભાવ પ્રતિ કિલોએ રૂ. 7,300 વધીને 2,05,800ના સર્વકાલિન ઉચ્ચસ્તરે પહોંચ્યા

આંતરરાષ્ટ્રીય બજારોમાં ચાંદીએ નવા શિખરો સર કરતા સ્થાનિક બજારમાં ભાવ વિક્રમી સપાટીએ

નવી દિલ્હી, તા. 17 (PTI) : સ્થાનિક અને વૈશ્વિક બજારોમાં મજબૂત માંગને કારણે બુધવારે રાષ્ટ્રીય રાજધાનીના બુલિયન બજારમાં ચાંદીના ભાવે પહેલીવાર 2 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામના રેકોર્ડ સ્તરને પાર કર્યો હતો એવું ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશને જણાવ્યું હતું. ચાંદીનો ભાવ ૭,૩૦૦ રૂપિયા વધીને ૨,૦૫,૮૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યો. અગાઉનો બંધ ભાવ ૧,૯૮,૫૦૦ રૂપિયા હતો.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારોમાં ચાંદીના નવા શિખરો સર કરવાને કારણે, સ્થાનિક બજારમાં ચાંદીના ભાવમાં સતત વધારો થયો છે, જે રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયો છે. આ વર્ષે અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧,૧૫,૩૦૦ રૂપિયા અથવા ૧૨૭.૪૦ ટકાનો વધારો થયો છે, જે ૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ૯૦,૫૦૦ રૂપિયા પ્રતિ કિલો હતો.

સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, સ્થાનિક બુલિયન બજારમાં સોનાના ભાવ પણ 600 રૂપિયા વધીને 1,36,500 રૂપિયા પ્રતિ 10 ગ્રામ (બધા કર સહિત) થયા છે, જ્યારે અગાઉનો બંધ ભાવ 10 ગ્રામ દીઠ 1,35,900 રૂપિયા હતો. આંતરરાષ્ટ્રીય બજારોમાં, હાજર સોનાનો ભાવ ૧૮.૫૯ ડોલર અથવા ૦.૪૩ ટકા વધીને ૪,૩૨૧.૦૬ ડોલર પ્રતિ ઔંસ થયો.યુએસ ડોલર ઇન્ડેક્સ બે મહિનાના નીચલા સ્તરે આવી જવાથી આંતરરાષ્ટ્રીય ખરીદદારો માટે ડોલર-મૂળભૂત બુલિયન ટ્રેડિંગ વધુ સસ્તું બન્યું છે.

સ્પોટ ગોલ્ડ લગભગ 0.4

...અનુસંધાન પાના 11 પર

દિલ્હી ડાયરી

દિલ્હીમાં વાયુ પ્રદૂષણની સમસ્યા નિ:શંકપણે એક ગંભીર મુદ્દો

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ગંભીર વાયુ પ્રદૂષણની સ્થિતિનો સામનો કરી રહી હતી, જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી, તેથી સંસદના શિયાળુ સત્ર દરમિયાન ઘણા વિપક્ષી સાંસદો સંસદ ભવન સંકુલમાં રક્ષણાત્મક માસ્ક પહેરેલા જોવા મળ્યા હતા. તેઓએ આ માસ્ક માત્ર ઝેરી હવાથી બચવા માટે જ નહોતા પહેર્યા, પરંતુ સરકારનું ધ્યાન પર્યાવરણીય અધોગતિ તરફ આકર્ષિત કરવા માટે વિરોધના પ્રતીક તરીકે પણ પહેર્યા હતા. જોકે, કોંગ્રેસના સાંસદ ઇમરાન મસૂદ એક દિવસે ઓક્સિજન સિલિન્ડર લઈને આવ્યા હતા. મસૂદે આ સિલિન્ડર સંસદ સત્ર પહેલા ખરીદ્યું હતું. સંસદ ભવન સંકુલમાં દિવસભર ચાલેલા નાટકો પછી સાંસદે સિલિન્ડર પોતાની કારમાં મૂકી દીધું. તેમની નજીકના સૂત્રોએ કહ્યું હતું કે, ભવિષ્યમાં જ્યારે પણ તેમને શ્વાસ લેવામાં તકલીફ પડે ત્યારે તેમણે તેનો ઉપયોગ કરવાની યોજના બનાવી છે. નાટક અને સિમ્બોલિઝમ રાજકારણનો એક ભાગ છે, ખાસ કરીને વિપક્ષી પક્ષો માટે. જોકે, છેલ્લા એક દાયકા દરમિયાન આ સંદર્ભ બદલાઈ ગયો છે. ખાસ કરીને શાસક ભાજપ અને એનડીએમાં તેના સાથી પક્ષો આ બાબતે વિપક્ષથી આગળ નીકળી ગયા છે. દિલ્હીમાં વાયુ પ્રદૂષણની સમસ્યા નિ:શંકપણે એક ગંભીર મુદ્દો છે અને દર વર્ષે તે ગંભીર બની રહી છે.

દિલ્હી-ચંદીગઢ સેક્શનનું નિરીક્ષણ

દિલ્હી-ચંદીગઢ સેક્શનના

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૭-૧૨-૨૦૨૫નું વડોદરા શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૦.૮° સે.	૧૨.૨° સે.	૮૪%

બાંગ્લાદેશમાં ભારતીય દૂતાવાસ તરફ પ્રદર્શનકારીઓએ કૂચ કરી

પ્રદર્શનકારીઓએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરીને શેખ હસીના અને અન્ય લોકોના પ્રત્યાર્પણની માગણીઓ કરી

ઢાકા, તા. 17 (PTI): બુધવારે ઢાકામાં ભારતીય હાઈ કમિશન તરફ કૂચ કરી રહેલા પ્રદર્શનકારીઓના એક મોટા જૂથને પોલીસે અટકાવ્યું, જ્યારે ભારતે બાંગ્લાદેશની રાજધાનીમાં તેના મિશનની આસપાસની સુરક્ષા પરિસ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

'જુલાઈ ઓઈક્યા' (જુલાઈ યુનિટી)ના બેનર હેઠળ કૂચ કરી રહેલા પ્રદર્શનકારીઓ ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા અને ગયા વર્ષે જુલાઈના બળવા દરમિયાન દેશ છોડીને ભાગી ગયેલા પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીના અને અન્ય લોકોના પ્રત્યાર્પણ સહિત અનેક માગણીઓ કરી રહ્યા હતા.

'બુધવારે બપોરે, પોલીસે ઉત્તર બદ્દાના હુસૈન માર્કેટની સામે રામપુરા બ્રિજથી શરૂ થયેલા સરઘસને અટકાવ્યું', જ્યાં રાજદ્વારી મિશન સ્થિત છે, એમ પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, જેમ જેમ વિરોધ પ્રદર્શનકારીઓ આગળ વધી રહ્યા હતા, પોલીસે બેરિકેડ ઉભી કરી. જ્યાં પ્રદર્શનકારીઓએ ભારત વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું અને હસીનાના પ્રત્યાર્પણની માગ કરી.

'અમે ડરતા નથી અને અમે ભારતીય હાઈ કમિશન પર હુમલો કરીશું નહીં. પરંતુ જો કોઈ બાંગ્લાદેશ પર આધિપત્ય જાળવવાનો પ્રયાસ કરશે, તો તેમને બક્ષવામાં આવશે નહીં', એમ એક સમાચાર એજન્સીને એક પ્રદર્શનકારીએ કહ્યું હતું.

પ્રદર્શનકારીઓએ દાવો કર્યો હતો કે બાંગ્લાદેશ વિરુદ્ધ 'ભારતીય પ્રોક્સી રાજકીય પક્ષો, મીડિયા અને

...અનુસંધાન પાના 11 પર

સુરક્ષા ચિંતાઓને પગલે ભારતે બાંગ્લાદેશમાં પોતાનું વિઝા અરજી કેન્દ્ર બંધ કર્યું

ઢાકામાં ભારતીય મિશનની સુરક્ષા સંબંધે ભારતે બાંગ્લાદેશના રાજદૂતને સમન્સ પાઠવ્યા

ઉગ્રવાદીઓની ધમકી અને બાંગ્લાદેશી નેતાઓની ઉશ્કેરણીજનક ટીપ્પણીથી સુરક્ષા ચિંતાઓ ઊભી થઇ

ઢાકા/નવી દિલ્હી, તા. 17 : ઉગ્રવાદી તત્વો દ્વારા આપવામાં આવેલી ધમકીઓ અને બાંગ્લાદેશી નેતાઓ દ્વારા ઉશ્કેરણીજનક ટિપ્પણીઓને પગલે વધતી સુરક્ષા ચિંતાઓ વચ્ચે ભારતે બુધવારે ઢાકામાં ભારતીય વિઝા અરજી કેન્દ્ર બંધ કરી દીધું હતું.

ઢાકામાં જમુના ફ્યુચર પાર્ક ખાતે સ્થિત ભારતીય વિઝા અરજી કેન્દ્ર, જે રાજધાનીના ભારતીય વિઝા સેવાઓ માટેનું મુખ્ય સંકલિત કેન્દ્ર છે, તેણે પ્રવર્તમાન સુરક્ષા પરિસ્થિતિને ટાંકીને બપોરે 2 વાગ્યે કામગીરી બંધ કરી દીધી હતી. 'ચાલુ સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અમે તમારા ધ્યાન પર લાવવા માગીએ છીએ કે ઢાકા સ્થિત વિઝા અરજી કેન્દ્ર આજે બપોરે 2 વાગ્યેથી બંધ રહેશે', એમ વિઝા કેન્દ્રએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

અગાઉ, ભારતે બુધવારે બાંગ્લાદેશના રાજદૂત રિયાઝ હમીદુલ્લાહને બોલાવ્યા હતા અને ઢાકામાં ભારતીય મિશનની આસપાસ સુરક્ષા પરિસ્થિતિને જોખમમાં મૂકવાની કેટલીક ઉગ્રવાદી તત્વોની યોજનાઓ પર પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયે ભારતમાં બાંગ્લાદેશના ઉચ્ચાયુક્ત એમ રિયાઝ હમીદુલ્લાહને બોલાવ્યા હતા અને બાંગ્લાદેશમાં બગડતા સુરક્ષા વાતાવરણ પર ભારતની ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે રાજદૂતનું ધ્યાન ઢાકામાં ભારતીય મિશનની આસપાસ સુરક્ષા પરિસ્થિતિ ઊભી કરવાની યોજના જાહેર કરનારા કેટલાક ઉગ્રવાદી તત્વોની પ્રવૃત્તિઓ તરફ દોરવામાં આવ્યું હતું. નવી દિલ્હીએ બાંગ્લાદેશમાં બગડતી સુરક્ષા પરિસ્થિતિ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને મુક્ત, ન્યાયી અને વિશ્વસનીય સંસદીય ચૂંટણીઓ યોજવા માટે પોતાના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો હતો. બાંગ્લાદેશમાં 12 ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવાની છે. આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું કે હમીદુલ્લાહને વિદેશ મંત્રાલયમાં (એમઈએ) બોલાવવામાં આવ્યા હતા અને તેમને ડિમાર્ચ અથવા ઔપચારિક રાજદ્વારી નોંધ આપવામાં આવી હતી. વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું કે ભારત બાંગ્લાદેશમાં તાજેતરની કેટલીક ઘટનાઓ અંગે ઉગ્રવાદી તત્વો દ્વારા ફેલાવવામાં આવી રહેલી ખોટી વાર્તાને નકારી કાઢે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે વધુ વિગતવાર માહિતી આપ્યા વિના વચગાળાની સરકારે ન તો સંપૂર્ણ તપાસ હાથ ધરી છે કે ન તો ભારત સાથે અર્થપૂર્ણ પુરાવા શેર કર્યા છે.

સંસદે વીમા ક્ષેત્રમાં સો ટકા એફ.ડીઆઈને મંજૂરી આપતો ખરડો પસાર કર્યો

આનાથી પ્રીમિયમ ઓછું થશે અને નોકરીની તકોમાં વધારો થશે: સીતારમણ

રાજ્યસભાએ વિરોધ પક્ષોની આ ખરડાને સંસદીય પેનલને મોકલવાની માગ નકારી કાઢી

નવી દિલ્હી, તા. 17 (PTI): સંસદે બુધવારે વીમા ક્ષેત્રમાં એફડીઆઈને હાલના 74 ટકાથી વધારીને 100 ટકા કરવા માટે એક ખરડો પસાર કર્યો હતો, જેનાથી વીમા ક્ષેત્રમાં કંપનીઓનો પ્રવેશ વધશે, પ્રીમિયમ ઓછું થશે અને રોજગાર સર્જન વધશે તેવી અપેક્ષા છે. સબકા બીમા સબકી રક્ષા (વીમા કાયદામાં સુધારો) બિલ, 2025, લોકસભા દ્વારા પસાર થયાના એક દિવસ પછી, રાજ્યસભા દ્વારા ધ્વનિ મતથી મંજૂર કરવામાં આવ્યું.

ગૃહે બિલમાં વિપક્ષ દ્વારા કરવામાં આવેલા ઘણા સુધારાઓને પણ નકારી કાઢ્યા, જેમાં આ કાયદાને વધુ ચકાસણી માટે સંસદીય પેનલને મોકલવાની માગ સામેલ છે.

ખરડા પરની ચર્ચાનો જવાબ આપતા, નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે આ સુધારાઓ વિદેશી કંપનીઓને વીમા ક્ષેત્રમાં વધુ મૂડી લાવવાની મંજૂરી આપશે.

એફડીઆઈ મર્યાદા 100 ટકા સુધી વધારવાથી વધુ વિદેશી કંપનીઓને ભારતમાં પ્રવેશવાનો માર્ગ મોકળો થશે, કારણ કે ઘણા કિસ્સાઓમાં તેમને વિવિધ કારણોસર સંયુક્ત

...અનુસંધાન પાના 11 પર

વિપક્ષે ખરડાનો વિરોધ કરી તેને સંસદીય સમિતિને મોકલવાની માગ કરી

નવી દિલ્હી. રાજ્યસભામાં કેટલાક વિપક્ષી સભ્યોએ વીમા ક્ષેત્રમાં એફડીઆઈ 100 ટકા સુધી વધારવાના બિલનો વિરોધ કર્યો અને માગ કરી કે પ્રસ્તાવિત કાયદાને વધુ ચકાસણી માટે સંસદીય પેનલમાં મોકલવામાં આવે. ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીના સાંસદ સંદોશ કુમારે બિલનો વિરોધ કરતા કહ્યું હતું 'મોદી સરકાર વિદેશી શક્તિઓના સખત દબાણ હેઠળ છે એટલે આ નવો ખરડો રજૂ કરાયો છે.' ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના સાકેત ગોખલેએ આરોપ લગાવ્યો કે આ બિલ વિદેશી સંસ્થાઓ દ્વારા નફો મેળવવાના દરવાજા ખોલે છે, અને કહ્યું કે સરકાર દ્વારા વીમા ક્ષેત્રમાં મૂડી રોકાણના દાવાઓની 'વાસ્તવિકતા તપાસ' કરવાની જરૂર છે. કનિમોઝી એનવીએન સોમુએ સરકાર પર બિલની 100 ટકા

...અનુસંધાન પાના 11 પર

RBIના હસ્તક્ષેપ તથા ડોલરની નરમાઈથી રૂપિયામાં એક ટકાની રીકવરી

ઓછા ફુગાવાને કારણે આરબીઆઇ આગામી છથી નવ મહિનામાં ચલણની કેટલીક નબળાઇઓનો સામનો કરી શકે છે

નવી દિલ્હી, તા. 17. રૂપિયો અમેરિકન ડોલર સામે તીવ્ર રીતે રીકવર થયો હતો, અને સત્ર દરમિયાન 1 ટકાથી વધુનો વધારો થયો હતો. આરબીઆઈએ સતત ચાર સત્રો બાદ વોલેટિલિટીને કાબૂમાં રાખવા માટે વિદેશી હૂંડિયામણ બજારમાં હસ્તક્ષેપ કર્યો હોવાથી રૂપિયામાં રીકવરી જોવા મલી હતી.

ગઈકાલે 91.03ના બંધ કરતાં 91.07 પ્રતિ ડોલર પર સહેજ નબળું ખુલ્યું, પરંતુ ટૂંક સમયમાં તેનું વલણ બદલાઈ ગયું. પ્રારંભિક વેપારમાં તે લગભગ 90.25ની આસપાસ મજબૂત થયો. ડીલરોએ જણાવ્યું હતું કે સરકારી માલિકીની બેંકોએ સંભવતઃ આરબીઆઇ વતી ડોલર વેચ્યા હતા, જ્યારે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થયા બાદ વેપારીઓએ પણ લાંબા ડોલરની સ્થિતિ બંધ કરી હતી.

ડીલરોએ જણાવ્યું હતું કે, આરબીઆઇ ડોલર વેચી રહી હતી, પરંતુ રિકવરી માત્ર અમુક અંશે હસ્તક્ષેપને કારણે થઇ છે. બજાર પણ 91 પ્રતિ ડોલરના સ્તરથી દૂર જઇ રહ્યું હતું અને વેપારીઓ લાંબા ડોલરની સ્થિતિમાં કાપ મૂકી રહ્યા હતા. છેલ્લા ચાર સત્રોમાં રૂપિયો સર્વકાલીન નીચલા સ્તરે આવી ગયો હતો, જે સતત વિદેશી પોર્ટફોલિયોના આઉટફ્લો અને ભારત-યુએસ વેપાર વાટાઘાટો અંગેની અનિશ્ચિતતાને કારણે દબાણ હતું. જોકે, બજારના સહભાગીઓએ જણાવ્યું હતું કે પ્રતિ ડોલર 91ની નજીક પ્રતિકાર અને ડોલરની ઓછી માંગથી ચલણને સ્થિર કરવામાં મદદ મળી હતી.

અર્થશાસ્ત્રીએ કહ્યું કે રૂપિયાના ઘટાડાથી કોઇ મેક્રોઇકોનોમિક જોખમ નથી. કોટક મહિન્દ્રા બેંકના ચીફ ઇકોનોમિસ્ટ ઉપાસના ભારદ્વાજે જણાવ્યું હતું કે ઓછા ફુગાવાને કારણે આરબીઆઇ આગામી છથી નવ મહિનામાં ચલણની કેટલીક નબળાઇઓનો સામનો કરી શકે છે.